મુંબઈ સમાચાર
મુંબઈ, મંગળવાર, તા. ૧૪-૨-૨૦૧૨

# પ્રમુખીય લોકશાહી: પશ્ચિમ જર્મનીની ચાન્સેલરશિપ

ફોકસ
જશવંત બી. મહેતા
jashwant@theemerald.com

**બીજા** વિશ્વયુદ્ધ બાદ જર્મનીએ અપનાવેલા બંધારણ મોટે ભાગે સંસદીય પદ્ધતિને અનુસરે છે. સરકારના કાર્યવાહી વડા તરીકેનું પદ આપણા વડા પ્રધાન કે અમેરિકન પ્રમુખની મુજબ ચાન્સેલર ભોગવે છે. આપણી સંસદીય પદ્ધતિ જેમ જ બડેસ્ટાગ (સંસદ માટેનું જર્મન નામ) દ્વારા ચાન્સેલરની વરણી કરવામાં આવે છે. પણ સરકારને વધારે સ્થિરતા મળે ને આશયથી સરકારને ઉથલાવતાં પહેલાં એટલે કે સરકાર સામે અવિશ્વાસનો મત લાવતાં પહેલાં સંસદે બહુમતી દ્વારા નવો ચાન્સેલર ચૂંટવો જરૂરી છે. આમ હોવાથી સરકારને નકારાત્મક મતથી ઉથલાવી શકાતી નથી અને પ્રમાણમાં વધારે સ્થિરતા પ્રાપ્ત થાય છે. આપણે ઘણી વખત અનુભવ્યું છે કે અવિશ્વાસની દરખાસ્ત પસાર કરી સરકારને રાજીનામું આપવાની ફરજ પાડવા વિરોધ પક્ષો કાયમ તત્પર હોય છે, પરંતુ એમની પાસે યોગ્ય વિકલ્પ માટે કોઇ તૈયારી કે સમજૂતી હોતી નથી. આવા દાખલાઓ આપણે ત્યાં રાજ્ય કક્ષાએ તો અવારનવાર બન્યા છે પણ કેન્દ્રમાં પણ બનતા રહ્યા છે. શ્રી મોરારજીભાઇ દેસાઇની સરકાર અને શ્રી ગુજરાલની સરકારનું પતન આવી પરિસ્થિતિમાં જ થયું હતું અને મધ્યસત્ર ચૂંટણીઓ યોજવી પડી હતી.

આપણે ત્યાં પણ બંધારણમાં સુધારો કરી, જર્મન પ્રથાનું અનુસરણ કરવાની ભલામણ વારંવાર થતી રહી છે. પણ પક્ષોની સંખ્યા, આપણા રાજકારણીઓની સત્તાની લાલસા અને દેશનું વિશાળ કદ લક્ષમાં લેતાં સ્થિરતા માટે અમેરિકન પદ્ધતિ આપણા માટે વધારે અનુકૂળ છે એમ લાગે છે.

**ઇટાલીનું દ્રષ્ટાંત**

સસદીય પદ્ધતિ અપનાવેલા ઇટાલીમાં અનેક પક્ષોનું અસ્તિત્વ હોવાથી છાશવારે નવી સરકારો રચાતી રહી છે અને છેલ્લા ૬૦ વર્ષમાં બાસઠ વખત સરકારો રચાઇ છે અને આજ સુધી કોઇ પણ ચૂંટણીમાં કોઇ પક્ષને ચોખ્ખી બહુમતી મેળવવામાં સફળતા પ્રાપ્ત નથી થઇ અને મિશ્ર સરકારોનો શંભુમેળો રચાતો રહ્યો છે.

આપણા બંધારણના ઘડવૈયાઓ તેમણે ઘડેલા બંધારણની ફલશ્રુતિરૂપે છેલ્લાં ૬૨ વર્ષની આપણી સંસદીય કાર્યપદ્ધતિની સમીક્ષા કરવા જો જીવિત રહ્યા હોત તો હાલની સંસદીય લોકશાહીના વિકલ્પ તરીકે સાચી પ્રમુખીય લોકશાહીની યોગ્યતા માટે મુક્ત મને ચર્ચાવિચારણા કર્યા વગર રહેતુ નહીં તે નિ:શંક છે. આના સંદર્ભમાં બંધારણસભાના પ્રમુખ ડૉ. બાબાસાહેબ આંબેડકરની બંધારણસભા માટેની નોંધ ઘણી સૂચક અને જાણે કે તેઓ ભવિષ્યની આગાહી કરી ગયા હોય તેવું લાગે છે.

તેમણે જણાવ્યું હતું કે, 'નાતજાત અને સંપ્રદાયો વચ્ચેનાં ઘર્ષણોને લક્ષમાં લેતાં ભારતની સંસદમાં અસંખ્ય પક્ષો અને જૂથો સર્જાશે તેવી પૂરેપૂરી શક્યતા છે. આવી પરિસ્થિતિમાં એક વાત નિશ્ચિત છે કે આપણે અપનાવેલી સંસદીય પદ્ધતિમાં સ્થિર સરકાર હોવી મુશ્કેલ હશે. આવા પક્ષો અને જૂથો પોતાના નજીવા સ્વાર્થ માટે અંદરોઅંદર સતત લડતા રહેશે અને સરકારને ઉથલાવવાની પેરવી કરતા રહેશે. વારંવાર પતન થતી સરકારથી દેશમાં અરાજકતા ફેલાશે. જો આમ બને તો, અમેરિકન ઢબની સરકાર કે જે પણ સંસદીય પદ્ધતિ જેટલી જ લોકશાહીવાદી અને જવાબદાર શાસન પદ્ધતિ છે, તે આપણો વિકલ્પ બની રહેશે.'

(લેખક વ્યવસાયે આર્કિટેક્ટ, કન્સલ્ટિંગ એન્જિનિયર અને રજિ. વેલ્યુઅર છે.)